महात्म-विभूतिः

[नवपदीपद्य (१०८) माला]

न्यायविशारद-न्यायतीर्थमुनिमहाराज-
श्रीन्यायविजय-विरचिता

स्वकृत-गुजराती-अनुवादसहिता ।

वीर स २४६६ धर्म स १८ वि स. १९९६
कार्त्तिकः

प्रति-सख्या ५००

મુદ્રક શાહ ગુલાબચંદ લલ્લુભ
શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ દાણાપીઠ-ભ

માંડલ (તા વીરમગામ) નિવાસી સદ્ગત

વોહરા પોપટલાલ વખતચંદ કૃત

દાન-પુણ્યમાંથી મળેલ સહાયતાથી

પ્રકાશિત

પ્રસ્તાવના

જૈન પરપરામા 'નમસ્કાર' મન્ત્ર એટલો બધો પ્રસિદ્ધ છે તમામ જૈન સ્ત્રીપુરુષોને તે મોઢે હોય છે અને લગભગ હમેશા તેઓ ગણે છે ન્હાના જૈન બાળકોની જીભ ઉપર પણ તે રમતો હોય છે સમગ્ર જૈનસમાજનો તે મહામગલ મહામન્ત્ર છે તે 'નમસ્કાર' મન્ત્ર કહેવાય છે, કેમકે તે સૂત્રમા મહાન્ આત્માઓને—પરમાત્માઓ અને સન્તોને નમસ્કાર કરવામા આવે છે પરમાત્માના એક સાકાર અને બીજા નિરાકાર એમ બે વર્ગો પડતા હોવાથી એ મન્ત્રમા '**नमो अरिहताण**' એ પહેલા પદથી અરિહતોને અર્થાત્ સાકાર પરમાત્માઓને, અને '**नमो सिद्धाण**' એ બીજા પદથી નિરાકાર પરમાત્માઓને નમસ્કાર કરવામા આવે છે

આમ પરમાત્માઓને (દેવને) ઉપરના બે પદોથી નમસ્કાર કર્યા પછી સન્તોને—ગુરુઓને નમસ્કાર કરવામા આવે છે ગુરુઓના ત્રણ વર્ગો અહીં વિવક્ષિત છે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ માટે '**नमो आयरियाण**' એ ત્રીજા પદથી આચાર્યોને, '**नमो उवज्झायाण**' એ ચોથા પદથી ઉપાધ્યાયોને અને '**नमो लोए सव्वसाहूण**' એ પાચમા પદથી લોકના તમામ સાધુઓને નમસ્કાર કરવામા આવે છે

આ પાચ પરમેષ્ઠીઓ કહેવાય છે 'પરમેષ્ઠી'ના પરમ પદને પામી ગયેલા અને પામવાવાળા એમ બે અર્થો કરીએ ત્યારે એમાનો પહેલો અર્થ પ્રથમ બે પદોમા નમસ્કૃત દ્વિવિધ પરમાત્માઓને લાગુ પડે, અને બીજો અર્થ શેષ ત્રણ પદોમા નમસ્કૃત ગુરુત્રિકને સગત થાય

પ્રથમ બે પદોમાં નમસ્કૃત દ્વિવિધ પરમાત્મા સિદ્ધ છે, અને તે પછીના ત્રિવિધ ગુરુઓ સાધક છે. એ સાધકોની સાધના પૂર્ણ થતાં એઓ સિદ્ધ થતાં પહેલાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ એટલે મુક્તિ થઈ. પરંતુ એ સદેહ હોય તો જીવન્મુક્તિ કહેવાય. જીવન્મુક્તિ એટલે સદેહ સિદ્ધિ અને પછી વિદેહ થતાં નિરાકાર સિદ્ધિ થાય.

આખા નમસ્કાર મન્ત્રમાં-પાંચ પદોમાં જેમને નમસ્કાર કરવામાં આવ્યા છે તેમને નમસ્કાર કરવાનું બીજ પણ એમાંજ અન્તર્નિહિત છે. ઝીણવટથી જોતાં જણાશે કે એમાંજ મુખ્ય તત્ત્વ પર એ ભાર. નમસ્કાર છે અને તે ચારિત્ર, વિરતિ. પાંચ પદોમાં જે નામોને નમસ્કાર કરેલા છે તે નામોમાં-તે શબ્દોમાં તેજ તત્ત્વ મુખ્યતયા સ્ફુરે છે. અરિહંત=અરિઓને હણનાર. સિદ્ધ=અકર્મકતાની પૂર્ણતાને પામેલ. આચાર્ય=આચારપ્રવણ. ઉપાધ્યાય=આત્મિક અધ્યયન જે વીતરાગતાની દિશામાં લઈ જાય, કરનાર-કરાવનાર. અને સાધુ=સમસાધક. આ ઉપરથી જોઈ શકાય છે કે ચારિત્ર યા વિરતિનું જ મુખ્ય તત્ત્વ આગળ કર્યું છે, અને તેથી કે એ જ મુખ્ય તત્ત્વને નમસ્કાર કરવામાં આવે છે. ઉક્ત નમસ્કાર સૂત્રમાં ગુણીઓનો નિર્દેશ છતાં એઓના એ મહાન ગુણને જ મુખ્ય નમસ્કાર છે મુખ્યતયા. એ જ ગુણ ઉપર તેઓ જે કહેવાય છે તે જ સાધકો અભ્યાસ કર્મનાશન માટે છે- વીતરાગતા મેળવવા માટે છે. કેવલજ્ઞાન તો આત્માનું સ્વરૂપ હોઈ તેમાં છે જ. એને કંઈ ઉત્પન્ન કરવું પડતું નથી પણ એને આવરનાર આવરણોને હટાવવા એ જ પુરુષાર્થનું મહત્તમ ક્ષેત્ર છે. એટલે નમસ્કાર સૂત્રમાં એ ગુણ ઉપર અને એની સફલતાને જ નમસ્કાર છે એમ સમજવું વધારે ઠીક અને અર્થપૂર્ણ છે.

પાંચે પરમેષ્ઠીઓ સાધુ છે. આમના બે સાધનની પૂર્ણ સફલતાએ પહોંચી ગયા છે માટે અને ત્રણ હજુ સાધનની દશામાં છે માટે સાધુ છે. સાધુતાની વિશિષ્ટ કે વધુ સમૃદ્ધ દશા ઉપર આવતાં કંઈ કોઈ સાધુ મટી જતા નહિ.

આ પાચ પરમેષ્ઠીઓ સાથે એમના ગુણો દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને મેળવીએ તો એ નવપદ થાય નમસ્કાર સૂત્રમાં, ઉપર કહ્યું તેમ, ગુણીઓને નમસ્કાર ગુણપ્રધાન, ગુણમૂલક હોવાથી પાચ પરમેષ્ઠીઓના નમસ્કારની અન્તર્ગત દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ગુણચતુષ્કને પણ નમસ્કાર આવી જાય છે એટલે નમસ્કાર મન્ત્રમા કેવળ પાચ પરમેષ્ઠીઓને જ નમસ્કાર નથી, પણ સપૂર્ણ નવપદોને નમસ્કાર છે

એ ગુણોમા દર્શન (ખરી વસ્તુપ્રતીતિ) અને જ્ઞાન (સાધન વિધિની ખરી માહિતી અથવા સાધવાની બરાબર આવડત) એ ચારિત્રના પાયા તરીકે છે, ચારિત્રના સાધન તરીકે છે એ પાયા પર ચારિત્રનુ ચણતર કરવાનુ છે એટલે ચારિત્ર મુખ્ય વસ્તુ છે ચારિત્ર-મન્દિર પૂરૂ થયુ કે કલ્યાણ-મન્દિર પૂરૂ થયુ

આ નવપદો એ આ ન્હાનકડી ચોપડીનો વિષય છે નવપદની આ (૧૦૮ પદ્યોની) માલા છે પહેલા સસ્કૃતમા રચના કરી, પછી એની સાથે ગુજરાતી જોડી દીધુ વાચક મહાશયને પસદ પડે તો બસ

દીપોત્સવપર્વ, વિ સ ૧૯૯૫, માનગોળ (કાઠીયાવાડ), — સત્કૃપાભિક્ષુ ન્યાયવિજય



विषय-क्रमः ।

महात्म-विभूतिः

[नवपदीपद्य (१०८) माला ।]

मंगलारम्भः ।

अर्हत्सिद्धास्तथाऽऽचार्या उपाध्यायाश्च साधव ।
दर्शन ज्ञानचारित्रे तपो नवपदीरिता

तत्रादिमा द्वये देवास्तत्पदे गुरवस्त्रय ।
परमेष्ठिन एते स्युर्धर्मस्यान्त्य चतुष्टयम् ॥ २ ॥

नत्वा नवपदीमेतामशेषगुणिसद्गुणाम् ।
भक्त्या ता कीर्तयिष्यामि यथाशक्ति यथामति ॥ ३

अर्हन्तः ।

उत्तम विश्वकल्याणकल्याणीमायन तपः ।
प्राक्तृतीयभवे कृत्वाऽर्हन्त स्यु पुरुषोत्तमा ॥

અર્હન્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવપદો છે (૧)

આ નવપદોમા પહેલા બે દેવો છે અને એ પછીના ત્રણ ગુરુઓ છે એ પાચ પરમેષ્ઠીઓ કહેવાય છે અને છેલ્લા ચાર ધર્મ છે આમ નવપદ એટલે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેનુ ચક્ર એટલા જ માટે એ 'સિદ્ધચક્ર' પણ કહેવાય છે કેમકે નવપદ એ સિદ્ધ થયેલાઓ અને સિદ્ધ થનારાઓ તેમજ તેમના ગુણોનુ સયુક્ત મ ડલ છે (૨)

આ નવપદોને, જેમા સમગ્ર ગુણી અને ગુણોનો સમાવેશ થઈ જાય છે, ભક્તિથી વન્દન કરી એમને વિષે મારી બુદ્ધિ અને શક્તિ પ્રમાણે કઈક કહીશ (૩)

અર્હન્.

પૂર્વ ત્રીજા ભવમા વિશ્વકલ્યાણની મ ગલ ભાવનાથી પરિપૂર્ણ એવો ઉત્તમ તપ કરી અર્હન્તો, જેઓ ઉત્તમોત્તમ કોટીના પુરુષો છે, અવતરે છે—વચમા એક ભવ કરી અર્હદ્ભવમા આવે છે (૪)

अर्हंश्च समायान्ति ते महापुण्यशालिनः ।
लोकोत्तर-विभूतीनां जन्मतश्च सुधारकम्

अन्तर्निगूढवैराग्या भववासविरागिनि ।
विपत्तिस्थमहाराशे आत्मोपुण्योत्तमा

समये वर्षपर्यन्तं दानं कृत्वा यथाविधि ।
संन्यासदीक्षां गृह्णन्ति मूर्तवैराग्यनेत्रत्रा

अपूर्वयोगा प्राप्यात्मां तपोऽनुचरयन्नतः ।
साधयन्ति महात्मानः शम-साधनमाधुरम्

અર્હદ્ભવમા તેઓ મહાન્ પુણ્યસંપત્તિ સાથે આવે છે જન્મથી જ તેઓની જીવન-વિભૂતિ અસાધારણ હોય છે, જન્મથી તેઓ લોકોત્તર વૈભવના ધારક હોય છે (૫)

ગૃહવાસમા પણ તેમના અન્તઃકરણમા વૈરાગ્યવૃત્તિ વહેતી હોય છે સાથેજ તેમનો લૌકિક વ્યવહાર વિવેકશાલી હોય છે તેઓ પ્રથમ શ્રેણીના આદર્શ પુરુષો છે (૬)

જ્યારે તેમને સંન્યાસ-દીક્ષા ગ્રહણ કરવાનો અવસર ઉપસ્થિત થયો જણાય છે ત્યારે તેઓ યથાવિધિ દાન આપે છે, એક વર્ષ સુધી આપે છે પછી વૈરાગ્યના મૂર્ત્ત તેજરૂપ તેઓ સંન્યાસ-દીક્ષા ગ્રહણ કરે છે (૭)

પૂર્વભવમા તેઓ યોગ સાધીને આવ્યા છે, પણ તે અધૂરો રહેલો છે હવે નવેસરથી ભૂમિકા માડી તેઓ અનુત્તર બલથી તપ કરે છે તેમની યોગસાધના શમ અને સંયમથી અખંડ અભિવ્યાપ્ત હોય છે (૮)

मसिद्धे योगपूर्तिं निरावरणतां गता ।
हमन्तो केवलज्ञा पूर्णनिर्मलचेतना

अनन्तदर्शनज्ञानवीर्याते परमर्षय ।
प्रत्यक्षत्वेन निर्दिष्टा जगत्त्रितयदेवताः

ज्ञानोपदेशं कुर्वन्ति सर्वकल्याणभूतया ।
वाचा प्रशमवाहिन्या लोकोत्तरहितावहम्

तन्मुख्यशिष्या सुप्राज्ञाः ख्याता ये गणभृत्पदा ।
तेषा प्रवचन मित्वा सूत्र प्रघ्नन्ति तत्त्वभृत् ॥ १२ ॥

યોગની પૂર્ણ સિદ્ધિ થતા તેમના આત્મા ઉપરના કાર્મિક આવરણો તમામ નિકળી જાય છે અને તે પૂર્ણ નિર્મલ આત્માઓને કેવલજ્ઞાન પ્રકટ થાય છે (૯)

અનન્તદર્શન, અનન્તજ્ઞાન અને અનન્તવીર્યવાળા એ પરમ ઋષિઓ હવે પરમાત્મા બન્યા, આગળીથી બતાવી શકાય એવા પ્રત્યક્ષ પરમેશ્વર બન્યા (૧૦)

પછી એ પરમાત્માઓ પોતાની સર્વને કલ્યાણભૂત પ્રશમપ્રેરક વાણીથી, જેમા લોકોત્તર હિત રહ્યુ છે એવો જ્ઞાનોપદેશ કરે છે (૧૧)

એમના મહાન્ પ્રાજ્ઞ મુખ્ય શિષ્યો, જેઓ 'ગણધર' કહેવાય છે, એમના પ્રવચનના આધાર પર સૂત્રયોજના કરે છે, એમના ઉપદેશને સૂત્રના રૂપમા ગુથે છે (૧૨)

भवन्ति मूलशास्त्राणि पाठ्यानि तानि च ।
यत प्रसाद् भवेदन्यशास्त्राणामपि विस्तरः ॥ १३

साधु साध्वी तथा श्राद्ध श्राविकेति चतुर्विध ।
संघो भवति दयाऽर्हन्मार्गोपासी गुणाकर ॥ १४

ब्राह्मणा क्षत्रिया वैश्या शूद्रा सर्वेऽपि मानवाः ।
सद्धर्म-सत्यामर्हन्ति समागन्तु शुभेच्छिन ॥ १५ ॥

सिद्धा ।

स्

पातिवमक्षयमादुक्तिवन्तोऽर्हन् जगत्प्रभु ।
लोक समनुगृह्णाति यावदायुः प्रमोपत ॥ १६ ॥

આ પારમર્ષ સૂત્ર-ગ્રન્થન એ મૂલશાસ્ત્રો બને છે, જેમાથી
॥ १३ ॥ ઉત્તરોત્તર અન્ય સન્તો તરફથી બીજા પણ શાસ્ત્રો રચાય છે
અર્થાત્ એ મૂલશાસ્ત્રોમાથી ઉત્તરોત્તર અન્ય શાસ્ત્રો વિસ્તરે છે (૧૩)

અર્હન્‌ના માર્ગના ગુણવાન્ ઉપાસકોનો સઘ બને છે, જેના
॥ १४ ॥ ચાર વર્ગો હોય છે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા અર્હન્
ભગવાન્‌ની સાધુ-સસ્થાના પુરુષો સાધુ અને સ્ત્રીઓ સાધ્વી
અને અર્હદ્‌ભક્ત ગૃહસ્થ-સસ્થાના પુરુષો શ્રાવક અને
સ્ત્રીઓ શ્રાવિકા (૧૪)

બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો બધાએ કલ્યાણાભિલાષી
॥ १५ ॥ માનવો એ મહાન પ્રભુની ધર્મસસ્થામા જોડાઇ શકે છે (૧૫)

સિદ્ધ.

ઘાતિકર્મોના ક્ષયના પરિણામે પ્રકટ થયુ છે કેવલજ્ઞાન જેમને
॥ १६ ॥ એવા કેવલજ્ઞાની (તીર્થંકર અને તીર્થંકરપદ વગરના) પ્રભુ
દેહધારક આયુષ્ય હોય ત્યા સુધી ઉપદેશદ્વારા લોકોનો ઉપકાર
કરે છે (૧૬)

वेद्याऽऽयुर्नामगोत्राणां भवोपग्राहि-कर्मणाम् ।
क्षये प्राप्नोति निर्वाणं स्वभावस्थितिमात्मनः ॥ १७ ॥

पूर्णमन्तर्बहिर्दृष्ट्या पूर्णानन्दप्रकाशगा ।
देहेन्द्रियाद्यभावेन निराकारा निरंजना ॥ १८ ॥
अस्ति निर्वाणमीदृक्षा स्वभावस्थितिरात्मनः ।
परं परमकल्याणमयं शश्वदाभासं पदम् ॥ १९ ॥
(युग्मम्)

तत्समानो विनिर्मुक्तः सिद्धो बुद्धः शिवोऽमरः ।
न पुनर्भवमभ्येति कर्मसंगत्यभावतः ॥ २० ॥

पूर्णेऽन्त्यायुषि लोकाग्रं केवली याति तत्क्षणे ।
तन्नमस्येव च स्थास्नु शश्वद् भवति स प्रभुः ॥ २१ ॥

અને જ્યારે એમના વેદનીય, નામ, ગોત્ર અને આયુ એ ચાર ભવોપગ્રાહી (ભવને, દેહને ટકાવનાર) કર્મો ક્ષીણ થાય છે (આયુષ્યને અન્તે-આયુષ્યની સાથે જ શેષ ત્રણ કર્મો ક્ષીણ થાય છે) ત્યારે તેઓ નિર્વાણ પામે છે નિર્વાણ એટલે આત્માની સ્વભાવસ્થિતિ (૧૭)

સર્વથા દેહેન્દ્રિયાદિરહિત નિરાકાર, પૂર્ણ શુદ્ધ ચિદાનન્દ-રૂપ એ આત્માની સ્વભાવ-સ્થિતિ છે એ જ નિર્વાણપદ છે એ પરમ કલ્યાણમય શાશ્વત પદ છે (૧૮-૧૯)

એ પદને પામેલ સિદ્ધ, બુદ્ધ, શિવ, પૂર્ણ મુક્ત છે એ ફરી સંસારચક્રમાં આવતો નથી કેમકે ભવાવતારનો પ્રયોજક કર્મ-સંબંધ હવે તેને છે જ નહિ (૨૦)

અન્તિમ દેહ છૂટતાં કેવલજ્ઞાની ભગવાન્ તે જ ક્ષણે લોકના અગ્રભાગે પહોંચે છે અને એ જ આકાશમાં તેઓ સદા અવસ્થિત રહે છે (૨૧)

न यात्यसौ ततोऽप्यूर्ध्वंगमनाम च गच्छति ।
सवेग तिर्यग्गतिरोऽपि नोर्ध्वाच्छन्दमायन ॥ २२ ॥

आचार्या ।

पञ्चाचारपरायणा गम्भीरवरकोविदा ।
योग्यायोग्यप्रवृत्तिज्ञा व्यवहारविचक्षणाः ॥ २३ ॥

तेजस्विवदनाकारा समाकर्षकदर्शना ।
प्रभावशालिवागीशा लौकिकाचारकौशला ॥ २४ ॥

स्वान्यदर्शनशास्त्रज्ञा समा–स्थितिपरीक्षका ।
आत्मश्रद्धाबलापास्तक्षोभाः समयवेदिनः ॥ २५ ॥

ત્યાથી ઉપર, હેઠળ કે આડી અવળી ગતિ તેઓની થતી નથી, કેમકે ઉપર જવા માટે ગતિસહાયક તત્ત્વ નથી, નીચે ગતિ થવા માટે ગુરુત્વ નથી અને આડી-અવળી ગતિ માટે કોઇ પ્રેરક કારણ નથી (૨૨)

આચાર્ય.

ચારિત્રાચારમા નિષ્ણાત, ઉત્સર્ગ-અપવાદના મર્મવેદી, યોગ્ય-અયોગ્ય પ્રવૃત્તિને સમજનારા, વ્યવહારવિચક્ષણ, (૨૩)

જેમનો મુખાકાર તેજસ્વી, જેમના દર્શન દ્રષ્ટાઓને આકર્ષણ-કારક, જેમની વાણી પ્રભાવશાલી, જેઓ લૌકિક જ્ઞાનમા પણ કુશલ, (૨૪)

સ્વ-પરદર્શનોના વેત્તા, સભા અને પરિસ્થિતિને ઓળખી શકનારા, આત્મશ્રદ્ધાના બલવડે મુશ્કેલીના વખતમા ક્ષુબ્ધ નહિ થનારા, સમયજ્ઞ, (૨૫)

धीरा उदारा गम्भीरा दृढसंयमशालिन ।
अपि प्रभाविमाजिष्या नया आचारिसूत्तयः ॥ २६ ॥

अनाग्रहाधिकारज्ञा दोषज्ञा गत्वपूर्वकाः ।
लोककल्याणकर्माणि सूरय समदर्शिनः ॥ २७ ॥

शासनोत्तरदायित्व स्वगत सुमहत्त्वकम् ।
विज्ञातारः स्युराचार्याः सद्धर्मोपायचिन्तनाः ॥ २८ ॥
(षड्भिः कुलकम्)

उपाध्याया ।

आचार्योत्तरमत्राका नमस्कर्तव्यसाधुना ।
सांगोपांगागमार्थानामध्यापनविचक्षणा ॥ २९ ॥

ધીર, ઉદાર, ગ ભીર, સ યમશક્તિ જેમની દૃઢ, જેમનુ સાન્નિધ્ય
પ્રભાવોત્પાદક, છતા જેઓ નમ્ર અને આન દી સ્વભાવના, (૨૬)
॥ २६ ॥

સામ્પ્રદાયિક આવેશ વગરના, દોષજ્ઞ, સત્યના પૂજક, લોક
કલ્યાણના કાર્યોમા પ્રવૃત્તિશીલ, સમદર્શી, (૨૭)
॥ २७ ॥

અને પોતાના ઉપરની શાસનની મહાન્ જવાબદારીને
સમજનારા એવા વાસ્તવિક ધર્માચાર્યનુ જીવન જીવનારા
॥ २८ ॥ સૂરિમહારાજ **આચાર્ય** છે (૨૮)

ઉપાધ્યાય.

આચાર્યના ઉત્તરાધિકારી, જેમની સાધુના વન્દનીય છે, જેઓ
સાગોપાગ આગમોના અધ્યાપનમા કુશલ છે, (૨૯)
॥ २९ ॥

महा प्र-चित्र

अध्येतृणां मता सम्यक् पाठका शिक्षकास्तथा ।
स्मारका प्रेरका वृत्तसंशोधक-विकासका ॥ ३०

सद्धर्मार्थविवेचकाः निष्ठाधारसमुज्ज्वलाः ।
सदा नयनवत्साऽऽर्भमहोपाध्यायमुद्वय ॥ ३१ ॥

ज्ञान-प्रपा गुणारामा लोककल्याणदेशका ।
उपाध्याया उपाध्यायास्ते विशारद-शारदा ॥ ३२ ॥

(चतुर्भिः कलापकम्)

साधव ।

साधु प्राप्नोति कल्याणं साधु साधुसंगत् प्रति ।
साधुर्यस्य मतः साधु वचन चरितं तथा ॥ ३३ ॥

તથા । જેઓ અધ્યેતૃ વર્ગને રૂડી રીતે વાચના આપનારા, શિક્ષણ
॥ ૩૦॥ દેનારા, સ્મરણ કરાવનારા, પ્રેરક તેમજ એમના આચારના શોધક
તથા વિકાસક, (૩૦)

જેઓ સદ્‌ભૂત અર્થના વિવેચક, શિષ્ટાચારથી ઉજળા, હમેશા
॥ ૩૧॥ અભિનવ જ્ઞાનનો સંગ્રહ કરવામા ઉદ્યત, (૩૧)

અને જ્ઞાનની પરબ, ગુણોના બાગ, લોકકલ્યાણના માર્ગ-
॥ ૩૨॥ દેશક એવા ઉચ્ચ અધ્યયનવાળા શારદ વિશારદ સન્તો
ઉપાધ્યાય છે (૩૨)

સાધુ.

। કલ્યાણ સાધે તે સાધુ બધા પ્રત્યે સાધુ (સારો) તે સાધુ
॥ ૩૩॥ જેનું મન, વચન અને આચરણ સાધુ તે સાધુ (૩૩)

विशिष्ट साधुवेषोऽपि यद्यप्यौचित्यमर्हति ।
तथापि न हि वेषेऽस्ति साधुत्व किन्तु जीवने ॥ ३४ ।

विनापि साधुवेषेण साधवः सन्ति साधव ।
योगेऽपि साधुवेषस्याऽसाधवो न हि साधव ॥ ३५ ॥

वेष बिभ्रते साधु साधुत्व जीवनोदितम् ।
युञ्जते च शठा स्वीय साधुवेष स्वपूजने ॥ ३६ ॥

अहिंसासूनृताऽस्तेयब्रह्मचर्याऽपरिग्रहा ।
महाव्रत तदाधार एव साधुत्वसंस्थिति ॥ ३७ ॥

विशिष्ट साधुवेष पण उचित छे पण वस्तुत साधुत्व वेषमां

ने ॥ ३४ ॥ नथी, किन्तु जीवनमां छे (૩૪)

|

॥ ३५ ॥ સાધુ-વેષ વગર પણ જેઓ સાધુ છે, તેઓ સાધુ છે, જ્યારે સાધુવેષના ધારક પણ જેઓ અસાધુ છે તેઓ સાધુ નથી (૩૫)

त ॥ ३६ ॥ જીવનગત સાધુતા વેષને પણ સાધુ બનાવે છે, જ્યારે શઠો પોતાના સાધુ-વેષનો ઉપયોગ પોતાનુ પૂજન કરાવવામા કરે છે (૩૬)

॥ ३७ ॥ અહિંસા, સૂનૃત, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ સાધુ-જીવનના મહાવ્રત છે, જેમના પર સાધુતા અવલંબિત છે (૩૭)

गृहावासविनिर्मुक्ता भवसम्बन्धवर्जिताः ।
मा सशोधनोत्सुका इन्द्रियेषु सत्रागता ॥ ३८

मानेर्ष्यामत्सरक्रोधरागरोषादिविद्विषाम् ।
समुच्छेदं प्रति व्यक्तनिजशक्तिनियोजका ॥ ३९ ॥

वीतरागविभूषोत्र समपास्ता यकामता ।
मद्व्याख्यात्मिकादर्शपथप्रवणदीक्षयाः ॥ ४० ॥

उचितव्यवहारेषु निर्लेप दृष्टमनपेक्षा ।
आत्मसंसाधनापार्यमैकायनदृशाम ॥ ४१ ।

॥ ३८ ॥ ગૃહાવાસથી વિમુક્ત, ભવભ્રમણથી વિરહિત, ચિત્તના શોધનમા ઉદ્યુક્ત, ઇન્દ્રિયો ઉપર જાગૃત, (૩૮)

॥ ३९ ॥ માન, ઇર્ષ્યા, મત્સર, ક્રોધ, રાગ, રોષ આદિ શત્રુઓને ઉચ્છેદવા તરફ પોતાની બધી શક્તિઓને લગાડનારા, (૩૯)

॥ ४० ॥ વીતરાગ દશા પ્રાપ્ત કરવાની ઇચ્છાના બલે જેમની બીજી કામનાઓને ખસેડી દીધી છે, મહાન્ આત્માઓનો આધ્યાત્મિક આદર્શ-પથ જેમના પુરુષાર્થનુ ક્ષેત્ર છે, (૪૦)

॥ ४१ ॥ ઉચિત વ્યવહારોમા નિર્લેપપણે નજર આપનારા, આત્મ સાધનની પ્રવૃત્તિમા એકતાન રસિક, (૪૧)

अनुप्रेक्षा क्षमा गीता निष्ठितार्था स्माधिन ।
दर्शनज्ञानचारित्रा सम्यग्चारित्रयोगिन ॥ ४२

क्रोधपरस्य पूज्यत्वा सूक्ष्मो मारयत्यपि ।
शठ मत्यपि नि साम्याः सगाऽऽक्रमेत् स्वरक्षया ॥ ४३

स्वत्रोपदर्शितोपन्या गुणिनो गुणरागिणः ।
सर्वत्र समसद्भावाः साधव सर्वसम्पद ॥ ४४ ॥

(समाप्ति कुलकम्)

आचार्यत्वादिवैशिष्ट्य प्रपयाऽपि महत्त्वकम् ।
पूर्वे समभावात्वात् सन्ति साधव एव ते ॥ ४५ ॥

ફૂલી નહિ જનારા, ક્ષમાશીલ, મિષ્ટ અને શિષ્ટ વાણી બોલનારા, દેખનારાઓને આનન્દ ઉપજે એવા સૌમ્ય, શિષ્ટાચારના પ્રસંગ પર ડાહ્યા, (૪૨)

ક્રોધી સામે ક્રોધ નહિ કરનારા, અભિમાની આગળ મૃદુતા રાખનારા, શઠ પ્રત્યે શઠ નહિ થનારા, સંગના આકર્ષણથી પોતાને બચાવી લેનારા, (૪૩)

પોતાના દોષોને ભાળનારા, સ્વયં ગુણી અને બીજાઓના ગુણો પર અનુરાગી અને સર્વત્ર સમ તથા સદ્ભાવધારક એવા વિશ્વબન્ધુ સન્તો સાધુ છે (૪૪)

પૂર્વના ચાર પરમેષ્ઠીઓ આચાર્યત્વ કે અર્હત્ત્વ આદિ વિશિષ્ટ દશાને પ્રાપ્ત થવાથી કંઈ સાધુ નથી મટી જતા તેઓ પણ સાધુ જ છે (૪૫)

दर्शनम् ।

सम्यक् तत्त्वप्रतीतिस्तु दर्शन परिकीर्तितम् ।
कल्याणमार्गसोपान प्रथम त्वन्तु दर्शनम् ॥ ४६ ॥

यथा दृष्टिस्तथा सृष्टि सृष्टिर्दृष्ट्यनुसारिणी ।
सत्या दृष्टौ सती सृष्टिरसत्यायामसती पुन ॥ ४७ ॥

असद्भ्रममपाकृत्य शुद्धतादृष्टितः परे ।
स्वदर्शन परीक्षेत समभावेन चेतसा ॥ ४८ ॥

गुणपूर्णाऽऽत्मसोपान दर्शनप्रपञ्चीकृतौ ।
नहि दर्शनशुद्धि स्यात् स्वदर्शनदुराग्रहे ॥ ४९ ॥

દર્શન

સમ્યક્ તત્ત્વપ્રતીતિ એનું નામ દર્શન દર્શન કલ્યાણ-
માર્ગનું પહેલું પગથિયું છે (૪૬)

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ દૃષ્ટિ અનુસાર સૃષ્ટિ દૃષ્ટિ બરાબર તો
સૃષ્ટિ બરાબર દૃષ્ટિ ખોટી તો સૃષ્ટિ પણ ખોટી (૪૭)

શક્તિ હોય તો સજ્જન દુરાગ્રહને મેલી દઇ સમભાવથી
અન્ય દર્શનો સાથે સ્વદર્શનની તુલના-દૃષ્ટિએ પરીક્ષા કરે (૪૮)

દર્શનને પ્રગટાવવા માટે પહેલું સોપાન ગુણપૂજા (ગુણાનુ
રાગ) છે સ્વદર્શનનો દુરાગ્રહ હોય તો દર્શનશુદ્ધિ ન થાય (૪૯)

विवेकदृष्टिसम्पूर्णा सद्गुणग्रामसम्पदः ।
महानात्मगुणः श्रेयोऽति श्रेण्यारोहशक्तिद ॥ ५० ॥

यत्र यत्र शुभं पश्येत् तत्र कुर्यात् तदादरम् ।
यत्र यत्राऽशुभं पश्येत् तत्रोदासीत तत्र च ॥ ५१ ॥

निजदर्शनसम्मोहः सम्प्रदायदुराग्रहः ।
भवेद्धानिकरोऽन्योन्यवैमनस्यकरोऽपि च ॥ ५२ ॥

निजदर्शनपूजा च विवेकोज्ज्वलदृष्टितः ।
आत्मानं प्रीणयत्यन्यैः सौमनस्यं तनोति च ॥ ५३ ॥

વિવેકદૃષ્ટિપૂત, ગુણદૃષ્ટિમૂલક જે દર્શનનો આગ્રહ હોય તો તે સદાગ્રહ આત્માનો ગુણ છે અને કલ્યાણની સીઢી ચઢવામા શક્તિ આપનાર છે (૫૦)

જ્યા જ્યા શુભ–સારુ દેખાય ત્યા તેટલે અશે આદર રાખવો ઘટે, અને જ્યા અનુચિત દેખાય ત્યા તેટલે અશે ઉદાસીન રહીએ (૫૧)

પોતાના દર્શનનો ખોટો મોહ અથવા સામ્પ્રદાયિક દુરાગ્રહ એ હાનિકારક છે અને પરસ્પર વૈમનસ્ય જગાડનાર છે (૫૨)

વિવેકોજ્જ્વલ દૃષ્ટિથી નિજદર્શનની પૂજા આત્માને સુન્દર સતોષ અને પ્રીતિ બક્ષે છે, ઉપરાત અન્યવર્ગ સાથે સદ્ભાવ ઉપજાવે છે

विरुद्धतत्त्वमताध्ये न स्यादुभेतिरागाय ।
प्रेम्णा प्रबोधयेत् स वा तूष्णीं वा मदनो भवेत् ॥ ५४ ॥

ऐकमत्य न चारयामीशादि नैव भविष्यति ।
नमत्वभावो हीन्द्रसन्न स्वमान्य न दुष्येत् ॥ ५५ ॥

यदि स्यात् परवादोऽपि सम-विशामुद्रुतिव ।
सुख-कल्याणकारी स्यादुभयोश्च हितावद ॥ ५६ ॥

स्वस्वशाखानुरागश्च सर्वेषामेकरूपक ।
तस्माद्धितावहा धर्मो परे संरक्ष्य निष्ठाम् ॥ ५७ ॥

વિરુદ્ધ મન્તવ્ય ધરાવનાર તરફ ઉત્તેજિત ન થઇએ યા તો તેને પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કરીએ, અને જો તે શક્ય ન હોય તો સહિષ્ણુ બની મૌન રહીએ (૫૪)

એકમત જગતમા થયો નથી, થાય નહિ અને થશે પણ નહિ. જગતનો એ સ્વભાવ જ છે માટે પરના કારણે પોતાની સમવૃત્તિની દોલતને શા માટે લુટાવા દેવી ? (૫૫)

પ્રસગ પર બીજા સાથે વાદ કરવો પણ ખોટો નથી, પણ તે સમદષ્ટિથી અને જિજ્ઞાસુ બુદ્ધિથી થાય તો જ સુખકર અને શ્રેયસ્કર છે, તેમજ ઉભયને હિતાવહ છે (૫૬)

પોતપોતાના શાસ્ત્રો ઉપર બધાઓને એકસરખો અનુરાગ છે માટે બીજાના ચિત્તને દુભવ્યા વગર શમપૂર્ણ સભ્યતાથી જો ચર્ચા થાય તોજ એમા મજા છે, અને તોજ તે હિતકર થાય (૫૭)

भिन्नभिन्नप्रणालीक सर्वधर्मविवेचनम् ।
रूपकादिसमाच्छन्न शब्दभेदप्रयोक्तृ च ॥ ५८ ॥
एव च सम-सूक्ष्मेण विचारेण न दुर्गमा ।
प्रायेण भिन्नशास्त्राणामपि तुल्यपदार्थता ॥ ५९ ॥

(युग्मम्)

उत्पश्यता सता साम्याञ्जनपूरितचक्षुषा ।
प्रायेण सुलभ सर्वशास्त्रार्थाना समन्वय ॥ ६० ॥

अतोऽपि मोहरोषादि-स्थान नो साम्प्रदायिकम् ।
अन्यत्राऽर्हं सहिष्णुत्व धर्मभेदेषु किं पुन ? ॥ ६१ ॥

धर्म कल्याणलाभाय सेवितव्य प्रयत्नत ।
तमनासेव्य तन्नाम्ना वैरायन्ते तु दुर्धिय ॥ ६२ ॥

સહુની શૈલી જુદી જુદી છે, શબ્દભેદો પણ કેટલાક સ્વ-પદ્ધતિના વિશિષ્ટ રૂઢ અર્થ પણ લગાવેલા હોય છે, 'રૂપક' વગેરેના પણ આવરણો એટલા જ પવરાયેલા હોય છે આથી ગોટાળો થાય છે અને પહાડ જેવડી ભિન્નતા હોય તેમ જણાવા લાગે છે પણ સમ અને સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામા આવે તો પ્રાય ભિન્ન શાસ્ત્રો પણ સમાનાર્થક જણાશે (૫૮-૫૯)

મમતારૂપ અજનથી પૂરિત ચક્ષુથી નિરીક્ષણ કરનાર મનુષ્યોને સર્વ શાસ્ત્રોના મેળ બેસાડવો પ્રાય સુલભ છે (૬૦)

આ કારણથી પણ સામ્પ્રદાયિક મોહ-દ્વેષ પોષવા અમ્યાને છે એમ સમજી શકાય છે દુનિયાની બીજી બાબતોમા સહિષ્ણુતા યોગ્ય અને આવશ્યક છે, તો ધર્મની બાબતમા શુ કહેવાનુ હોય ? (૬૧)

ધર્મ કલ્યાણ માટે છે પ્રયત્નોથી તે મેળવવાનો છે પણ દુર્મતિ માણસો તેને મેળવવાનુ મૂકી દઇ તેના નામ ઉપર ઝઘડા સળગાવે છે (૬૨)

[illegible] यदा [illegible] ।
[illegible] ॥ ६३ ॥

[illegible] ।
[illegible] ॥ ६४ ॥

धर्मेणाधर्मविद्धो धर्मज्ञाश्वरो न यः ।
न [illegible] ॥ ६५ ॥

यत्र भाति [illegible] ।
[illegible] ॥ ६६ ॥

બીજી ચીજ ઉપર માણસને જેમ અહંકાર આવે છે, તેમ ર્મ વિષે પણ અહંકારનું ભૂત વળગે છે આનુ પરિણામ એ ાવે છે કે ધર્મ કલ્યાણનો માર્ગ ન રહી ઝઘડાનો અડ્ડો બની ાય છે (૬૩)

જે મહાશય ખરેખર ધર્મનો પિપાસુ છે તે તો કોઇ પણ ધર્મશાલા ' નો આશ્રય પામીને ધર્મનું પાન કરવાનો જ ને આત્માને પોષવાનો જ (૬૪)

પણ જેને પોતાની ' ધર્મશાલા ' નો ઘમંડ રાખીને જ ફરવુ અને ધર્મનો સ્વાદ લેવો નથી, તે માણસ પોતાની ધર્મ- ાલા ' નો ગર્વ કરવાથી કંઇ જીવનનું શ્રેય સાધી શકનાર નથી, હું એથી તો તે આત્મપાતક જ બને છે (૬૫)

કોઇ પણ ધર્મશાલામા રહેનાર જો સદાચારપરાયણ હશે જરૂર તેનું કલ્યાણ થશે આ પ્રકારની દૃષ્ટિ એ સાચુ ન છે (૬૬)

[illegible] ।
[illegible] ॥ ६७ ॥

[illegible] ।
[illegible] ॥ ६८ ॥

धर्मो श्रीवर्धमानस्य [illegible] ।
[illegible] ॥ ६९ ॥

मैत्री–प्रमोद–कारुण्य–माध्य–[illegible] ।
आत्मसाधन धर्मो इति [illegible] ॥ ७०

પરલોક, આત્મા અને મોક્ષની બુદ્ધિ—તે વિષેની શ્રદ્ધા અત્યન્ત ઉપયોગી છે અને ચોક્કસ કલ્યાણકર છે એમ છતાયે જે સજ્જનને તે વિષે પ્રામાણિકપણે પરામર્શ કરવા છતા શ્રદ્ધા જામી નથી, જામતી નથી, છતા જો તે બરાબર સદાચાર-પરાયણ હશે, તો તેનુ પણ કલ્યાણ નિશ્ચિત છે, નહિ, તે કલ્યાણના રસ્તા ઉપર ઉભો છે (૬૭)

મુખ્ય વસ્તુ અહિંસા–સયમાત્મક ચારિત્ર છે, અથવા સત્કર્મ છે તેની કલ્યાણકારકતા વિષેનું જ્ઞાન તે જ સાચુ જ્ઞાન છે અને તેની કલ્યાણકારકતા વિષેની શ્રદ્ધા તે જ સાચુ દર્શન છે સત્કર્મ ઉપર દૃઢ વિશ્વાસ એનુ નામ સમ્યકત્વ (૬૮)

ધર્મ એ જીવનનુ કર્ત્તવ્યભૂત તત્ત્વ છે તેની ઉપયોગિતા કઇ સ્વર્ગાદિની હૈયાતી પર અવલબિત નથી સ્વર્ગ હો યા ન હો, તેનુ કર્ત્તવ્યત્વ ત્રિકાલાબાધિત છે તેની કલ્યાણકારકતા સ્પષ્ટ છે, પ્રત્યક્ષ છે આ જાતનુ સુન્દર દર્શન હોય છે (૬૯)

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, સત્ય અને સયમના તેજથી જીવનનું પ્રસ્કરણ કરવુ એ ધર્મ છે આ જાતની સમજ એ ઉત્તમ દર્શન છે (૭૦)

[illegible] ।
[illegible] ॥ ७१ ॥

[illegible] ।
[illegible] ॥ ७२ ॥

[illegible] ।
[illegible] ॥ ७३ ॥

[illegible] ।
[illegible] ॥ ७४ ॥

સામ્પ્રદાયિક સંકીર્ણતાથી માણસ વ્યર્થ હેરાન થાય છે, અને બીજાઓને હેરાન કરે છે ધર્મભેદની સંકુચિત દૃષ્ટિને પોષીને અન્યોન્ય વિરોધ કરવા એ મ્હોટી મૂર્ખતા છે (૭૧)

અન્ય ધર્મો તરફ જેમના દિલ સાંકડા નથી અને જેઓ વિશ્વબન્ધુત્વનુ દર્શન કરનારા છે તેઓ પોતાના ધર્મ–સમ્પ્રદાયમા રહીને પણ બધા સાથે બન્ધુભાવ રાખે છે (૭૨)

બધા સાથે ઉદાર વર્તન રાખનારા સહૃદય સજ્જનો જ ખરી રીતે પોતાના ધર્મની પ્રભાવના કરે છે અને પોતાના દર્શનને તેજસ્વી બનાવે છે (૭૩)

બાહ્ય રીતિરિવાજ અને ધર્મ નોખા છે આમ સાધ્ય અને સાધનનો ભેદ સમજવાથી દર્શન આવે છે (૭૪)

मागमवादमो यदद् कर्मिकमनर्तनम् ।
मवैतापत्ति पर्वे मददार्थ विद्रम म् ॥ ७५ ॥

पर्वैमाऽऽयाप । गुरुर्चित कर्मिक मे ।
कुवमानरद देवु वति गवति कर्मनद ॥ ७६ ॥

मात्मवादिनमानु मदमवेव क्विर्पिद ।
नैव मपा.ऽमदा गुर्णि न विद्धान व, म्मा ॥ ७७ ॥

भगवत्तत्वर्ने स्वादेगदेना गुरुमपारमा ।
यत्र सन्ति विना कार्ति मवेन गाऽऽन्मदिमावदा ॥ ७८ ॥

કાલના પ્રવાહ સાથે ધર્મ–સમ્પ્રદાયમા જે જે રૂઢિરૂપ અસ ગત પેસી ગયુ હોય તેને વિચારી–સમજી દૂર કરવુ જોઇએ (૭૫)

વ્યવહાર અને નિશ્ચય જોડાયલા છે એટલે વ્યવહારનુ અનુસરણ તો ધર્મ માથે છેજ, પરન્તુ ધર્મનુ આરાધન ઉચિત રીતિ, પ્રણાલી કે રૂઢિનો આશ્રય લેવાથી થાય, અનુચિત રૂઢિના માર્ગે ન થાય અયોગ્ય રૂઢિઓને પોષવાથી તો દર્શન મલિન થાય. (૭૬)

સામ્પ્રદાયિક શાખાઓમા ક્રિયાભેદો હોયજ, અને રહેવાનાજ એને માટે હઠવાદ રાખવો યોગ્ય નથી એને માટે વિરોધ ન કરીએ (૭૭)

જેમા ભગવત્સ્તવન હોય, પોતાના પાપોની ગર્હણા હોય અને શુભ ભાવના હોય તે ક્રિયા કોઈ પણ હોય, આત્માને

[illegible] ।
[illegible] ॥ ७९ ॥

[illegible] ।
[illegible] ॥ ८० ॥

[illegible] ।
[illegible] ॥ ८१ ॥

ज्ञानम् ।

[illegible] ।
[illegible] विना [illegible] किञ्चित् [illegible] ॥ ८२ ॥

પાપના પ્રક્ષાલન, ચિત્તનુ શોધન અને ગુણોનો વિકાસ એજ ધર્મ વસ્તુ છે અને ક્રિયા તેમા સાધનભૂત છે એટલે આ સાચા ધર્મ તરફ જે ક્રિયા લઈ જાય તે કોઈ હોય, કલ્યાણ-કારક છે (૭૯)

આમ, જીવનનુ ઉજ્જવલીકરણ એ સાધ્ય અને એનુ સાધન ક્રિયા એ બે વચ્ચેનો—એ સાધ્ય અને સાધન વચ્ચેનો વિવેક કરવો એનુ નામ સમ્યગ્દર્શન (૮૦)

આમ સમ્યગ્દર્શનના યોગે આન્તર જીવન નિર્મલ બને છે, કષાયો પાતળા પડતા જાય છે અને એવો સજ્જન વિશ્વમૈત્રીના આનન્દનુ નિકેતન બને છે (૮૧)

જ્ઞાન.

જીવનનો આધાર શુ ? એ પ્રશ્નના ઉત્તરમા કોઈ પણ જ્ઞાન જ્ઞાન વિના કહેશે નહિ જ્ઞાન ખરેખર જીવનનો દીપક છે

જીવનની દિશા બે બાહ્ય અને આન્તર એ બન્નેની ઉન્નતિને સારુ જ્ઞાનની આવશ્યકતા છે (૮૩)

વ્યાવહારિક ઉન્નતિ માટે વ્યાવહારિક જ્ઞાનની જરૂર અને આધ્યાત્મિક વિકાસ માટે આધ્યાત્મિક જ્ઞાનની જરૂર (૮૪)

જીવનયાત્રા માટે વ્યાવહારિક શિક્ષણ ી જરૂર છે, જેથી જીવન-સ ગ્રામમા માણસ સફલ કુશલ બની શકે (૮૫)

। આધ્યાત્મિ

પવિત્ર વાતાવરણવાળા આદર્શ શિક્ષણાલયોમા જીવનોચિત વિજ્ઞાન પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓ જ્યારે બહાર આવશે ત્યારે તેઓ સદાચારી, બલવાન્ અને સુશિક્ષિત હશે, અને તેઓજ સ ઘટન-શક્તિથી રાષ્ટ્રના સ્ત ભ બનશે અને નવરાષ્ટ્રનું ભવ્ય સર્જન કરશે (૮૭-૮૮)

રાષ્ટ્ર, ધર્મ અને સમાજના અભ્યુદયનો મૂલાધાર આદર્શ શિક્ષણ ઉપર છે એ માટે એનો પ્રચાર આવશ્યક છે (૮૯)

આધ્યાત્મિક જ્ઞાન વગરનુ વ્યાવહારિક જ્ઞાન અપૂર્ણ છે, જીવનને પૂર્ણ બનાવવા અશક્ત છે, એની કુશલસાધકતા પણ બહુજ મર્યાદિત છે (૯૦)

આત્મજ્ઞાન વગરના સમગ્ર જ્ઞાન–સાગરો પણ જીવનનુ શાશ્વત મ ગલ સાધવામા અસમર્થ રહે છે (૯૧)

લૌકિક જ્ઞાનની કુશલતાથી સુખ-સાધનનો માર્ગ સરલ થવા છતા આત્મદષ્ટિવિહીન વિદ્વાન્ માણસની પણ અન્તે તો અકુશલજ સ્થિતિ થાય છે (૯૨)

અજ્ઞાનજનિત દુખ જ્ઞાનથી જ હણાય અન્તર્મુખ દશા આવ્યા વગર ક્લેશનું નિર્મૂલન ન થાય (૯૩)

વસ્તુત તેજ જ્ઞાન છે, જે આત્મદષ્ટિને પવિત્ર બનાવે અને એનાજ આધાર પર કલ્યાણના માડવા ઉભા કરી શકાય (૯૪)

આત્મબોધ જેમ જેમ પ્રફુલ્લ બને છે, તેમ તેમ મોહચ્છેદન-નો પ્રયત્ન બલવાન્ બનતો જાય છે (૯૫)

कृत्स्ने च मोहक्षपणे पूर्णनैर्मल्यचेतन ।
जायते केवलज्ञानी सर्वज्ञ परमेश्वर ॥ ९६ ॥

इत्थ कल्याणससिद्धिभूमिका ज्ञानमेव हि ।
अद्य प्रमाद्यपि ज्ञानी श्वोऽवश्य जागरिष्यति ॥ ९७ ॥

जागरित्वा च
[redacted] तेजस्वि-वीर्येणोत्थास्यते महान् ।
भवितोऽल च मोहाय विश्वलुटाक-रक्षसे ॥ ९८ ॥

अल्पवाहनया वाऽपि स्तोकबाह्यक्रियोऽपि वा ।
ज्ञानालोकविहारी सन्नात्मक्षेमाय कल्पते ॥ ९९ ॥

અને જ્યારે તમામ મોહનું ક્ષપણ થાય છે ત્યારે પૂર્ણ નિર્મલ બનેલો ચેતન કેવલજ્ઞાની બને છે–સર્વજ્ઞ પરમાત્મા બને છે (૯૬)

આમ, કલ્યાણસિદ્ધિની ભૂમિકા જ્ઞાન ઉપર જ છે જ્ઞાની આજ પ્રમાદી હશે, તો કાલે જાગવાનો જ (૯૭)

અને જાગીને એ મહાત્મા પોતાના પ્રચંડ વીર્યને ફોરવતો ખડો થશે, અને જગતનો મ્હોટામાં મ્હોટો ડાકુ, મ્હોટામાં મ્હોટો રાક્ષસ જે મોહ તેનો સામનો કરશે અને તેને હફાવવા સમર્થ થશે (૯૮)

જેનો બાહ્ય તપ અને બાહ્ય ક્રિયા અલ્પ છે એવો પણ જ્ઞાનવિહારી સજ્જન આત્મકલ્યાણની પૂર્ણ સિદ્ધિને પામી જાય છે

चारित्रम् ।

ज्ञानदर्शनयोर्मूल ज्ञानदर्शनयो फलम् ।
चारित्र जीवनप्राणा यन्निघ्ना परमेष्ठिता ॥ १०० ॥

शास्त्रज्ञा पटुवक्तारो बलवन्तोऽधिकारिण ।
निष्प्रभा भान्ति सर्वेऽपि पुरश्चारित्रतेजस ॥ १०१ ॥

परिव्राट्–चरणाम्भोज सम्राट् साञ्जलि वन्दते ।
निर्धनोऽप्यतिशेते सन् महात्मा चक्रवर्त्तिनम् ॥ १०२ ॥

यस्मिन्नभ्यस्यते तीव्रात्नधानैर्वीतरागता ।
तच्चारित्र महद्भूत विश्वविश्वेशवन्दितम् ॥ १०३ ॥

ચારિત્ર.

ચારિત્ર જ્ઞાન અને દર્શનનુ મૂલ પણ છે તેમજ જ્ઞાન અને દર્શનનુ ફલ પણ છે ચારિત્ર એ જીવનના પ્રાણ છે પરમેષ્ઠીઓનુ પરમેષ્ઠીપણુ ચારિત્ર પર છે (૧૦૦)

શાસ્ત્રવિશારદો, પ્રખર વ્યાખ્યાતાઓ, બળવાનો અને અધિકારીઓ બધા ચારિત્રના તેજ આગળ ફીકા પડી જાય છે (૧૦૧)

સમ્રાટ્ પરિવાર્ના ચરણોને હાથ જોડી વદે છે નિર્ધન પણ ચારિત્રસમ્પન્ન વ્યક્તિ ચક્રવર્તી કરતા મહાન છે. (૧૦૨)

વીતરાગતાનો અસ્ખલિત અભ્યાસ એ વિશ્વવન્દ્ય મહાન્ ચારિત્ર છે (૧૦૩)

समुज्ज्वलसदाचारैर्हतप्रत्यूहपातका ।
इहैव सुखभाज स्युरात्मन श्रेयसा सह ॥ १०४

तप ।

स्पष्टत्वाय पृथक् प्रोक्त चारित्रान्तर्गत तप ।
सयमोऽङ्गमनोवाचामन्यक्षेमोद्यमश्च तत् ॥ १०५ ॥

यद्दु साधमप्यर्थमुपवासे समुज्ज्वले ।
भगवत्प्रणिधानाद्यै साधयन्ति महौजस ॥ १०६ ॥

अन्तर्जीवनसशोध आन्तर तप उल्लसेत् ।
यतस्तथाविध बाह्योपवासादि–तप शुभम् ॥ १०७ ॥

જેઓ સદાચારશાલી છે તેમનો સુખ-સાધનનો માર્ગ તેમના સદાચારના પુણ્ય તેજથી નિષ્કંટક બને છે, અને તેઓ આજ જિન્દગીમા સુખી થાય છે, સાથે જ તેમનુ આત્મિક કલ્યાણ પણ સધાય છે (૧૦૪)

તપ.

તપ ચારિત્રમા અન્તર્ગત છતા સ્પષ્ટતાની ખાતર જુદુ પાડી કહેવામા આવ્યુ છે મન, વચન અને કાયનો સયમ તેમજ પરોપકારી કર્મશીલતા એ તપ છે. (૧૦૫)

શક્તિશાલી ધીર મનુષ્યો બહુ દુસાધ્ય કાર્ય પણ ઈશ્વર-પ્રણિધાનથી સમૃદ્ધ એવા પવિત્ર ઉપવાસોથી સાધે છે (૧૦૬)

અન્તર્જીવનનુ શોધન એ આન્તર તપ જેથી ખિલે એવો ઉપવાસાદિ બાહ્ય તપ ઉપયોગી અને કલ્યાણકર છે (૧૦૭)

अनेकरोगा नश्यन्ति यथाविध्युपवासत ।
न यथारोग्यसप्रश्नो युक्तो मर्यादयैव स ॥ १०८ ॥

उपसहार ।

अर्हत्सिद्धसूरिवाचकमुनीन् सकीर्त्य सक्षेपत
पच श्रीपरमेष्ठिनो भगवत सञ्जीवनाऽऽकाक्षया ।
युक्तान् दर्शन-बोध-सयम-तप सद्भिश्चतुर्भि पदै-
रित्थ स्वल्पमतिश्रुतो नवपदीपूजामह सन्यधाम् ॥१०९॥



અનેક રોગો યથાવિધિ ઉપવાસચર્યાથી દૂર થાય છે આરોગ્યનો ખાસ પ્રશ્ન ન હોય તો અનશન–ઉપવાસ તપ સમુચિત મર્યાદામા જ ઠીક ગણાય (૧૦૮)

ઉપસંહાર.

આ પ્રમાણે મતિ અને શ્રુત બન્ને જેના બહુ અલ્પ છે એવા મે સંજીવનની આકાક્ષાથી અર્હન્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાચ ભગવાન્ પરમેષ્ઠીઓ અને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમ નવ પદોનુ સંક્ષિપ્ત કીર્ત્તન કર્યું, અને એ રીતે નવપદીનુ અર્ચન કર્યું (૧૦૯)



इति
जगद्विख्यात-धर्माचार्य-महर्षि-
श्रीविजयधर्मसूरिगुरुभट्टारक-
लघुविनेय-बालश्रमण-
न्यायविजय-
विरचिता
महात्म-विभूति
(नवपदीपद्य [१०८] माला)
समाप्ता ।